**એજન્ડા ક્રમાંકઃ-૧**

## <u>તા. ૨૮/૦૫/૨૦૦૮</u>ના રોજ યોજાયેલી છઠ્ઠી સ્ટેટ લેવલ સ્ટીયરીંગ કમિટિની મિટિંગમાં લેવાયેલ નિર્ણયોને વંચાણે લેવા અંગે

**<u>તા. ૨૮/૦૫/૨૦૦૮ના રોજ યોજાયેલી છઠ્ઠી એસએલએસસી મિટિંગની નોંધઃ-</u>**

સ્ટેટ લેવલ સ્ટીયરીંગ કમિટી મારફત ગુજરાતનાં મિશન સીટીના અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સ (યુ.આઇ.જી.) પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવેલ જેમાં હાજર રહેલાં સભ્યોની બિડાણની હાજરી નીચે મુજબ છે.

અગ્રસચિવશ્રી, શ.વિ. મારફત સૌ સભ્યોનું સ્વાગત કરવામાં આવેલ તથા જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેક્ટની વિગતોથી ટૂંકાણમાં વાકેફ કરવામાં આવેલ ત્યારબાદ, સલાહકાર (ટેકનિકલ) જી.યુ.ડી.એમ. મારફત એસ.એલ.એસ.સી. ની કામગીરી સમજાવવામાં આવેલ ત્યારબાદ નીચે દર્શાવેલ પ્રોજેક્ટની એસ.એલ.એસ.સી.ની મંજુરી રજૂ કરવામાં આવેલ.

(રૂ. કરોડમાં)

| | | |
|---|---|---|
| અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ | | |
| ૧ | અમદાવાદ શહેર માટે બીઆરટીએસ – ૨ | ૪૮૮.૦૦ |
| ૨ | પૂર્વ ઔડા વિસ્તારમાં ગટર (સુએઝ) નેટવર્કનું કામ | ૭૩.૯૨ |
| ૩ | પશ્ચિમ ઔડા વિસ્તારમાં ગટર (સુએઝ) નેટવર્કનું કામ | ૨૭૩.૫૬ |
| ૪ | અમદાવાદ માટે ઘન કચરા નિકાલ વ્યવસ્થાનું કામ (રીવાઇઝ્ડ) | ૧૪૧.૮૮ |
| | **કુલ – ૧** | **૯૭૭.૨૬** |
| રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ | | |
| ૫ | સીટી કન્ઝર્વેશન પ્લાન, હોલીસ્ટીક એપ્રોચ ટુ અર્બન કન્ઝર્વેશન એન્ડ સોશ્યલ ઇન્ટીગ્રેશન ફોર રાજકોટ સીટી | ૧૯.૪૦ |
| ૬ | કન્સટ્રકશન એન્ડ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ ટીપી સ્કીમ રોડ નેટવર્ક ફોર રાજકોટ સીટી | ૨૧૨.૫૪ |
| | **કુલ – ૨** | **૨૩૧.૯૪** |
| વડોદરા મહાનગરપાલિકા, વડોદરા | | |
| ૭ | રીસોર્ટેશન એન્ડ સ્ટ્રેનથનીંગ ઓફ સયાજી સરોવર-પ્રતાપપુરા સીસ્ટમ ઓફ વડોદરા | ૨૮.૫૭ |
| | **કુલ – ૩** | **૨૮.૫૭** |
| સુરત મહાનગરપાલિકા, સુરત | | |

| | | |
|---|---|---|
| ૮ | સુરત શહેરમાં જેએનએનયુઆરએમ પ્રોજેક્ટના અમલીકરણ માટે પ્રોજેક્ટ ઇમ્પલીમેન્ટેશન યુનિટની સ્થાપના | ૦.૫૪ |
| | **કુલ – ૪** | **૦.૫૪** |
| | **કુલ (૧+૨+૩+૪)** | **૧૨૩૮.૪૧** |

કમિટીના સભ્યોએ પુખ્ત ચર્ચા-વિચારણા કર્યાબાદ ઉપરોક્ત તમામ પ્રોજેક્ટ્સને મંજુર કરેલ.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી, શ.વિ. મારફત નીચેની બાબતોની સૂચના આપેલ.

- આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઇ જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેક્ટ્સમાં પૂરતી અસલામતીની તથા લોકોને ઓછામાં ઓછી અસુવિધા થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
- રાજયનાં તમામ શહેરોમાં પ્રોજેક્ટ્સમાં પ્રગતિ સંતોષકારક છે. પરંતુ, અમદાવાદ, વડોદરાના જે પ્રોજેક્ટ્સ અમલી કરવામાં પાછળ છે તેને ગતિમાં લાવવા અનુરોધ કરેલ છે.

તમામ શહેરોમાં કવોલિટી કંટ્રોલ માટે થર્ડ પાર્ટી ઈન્સપેકશન કરવામાં આવે છે. પરંતુ તેના રીપોર્ટસ્, જી.યુ.ડી.એમ.માં મોકલવામાં આવતા નથી જેથી થર્ડ પાર્ટી ઇન્સપેકશન રીપોર્ટ જી.યુ.ડી.એમ. માં મોકલવા પ્રથા રાખવા જણાવવામાં આવેલ જેને જી.યુ.ડી.એમ. ના ટેકનિકલ તજજ્ઞો દ્વારા ચકાસવામાં આવશે તથા ગુજરાત સરકારના ધ્યાન પર જરૂરી વિગતો રજૂ કરશે.

જે કામો પૂર્ણનાં આરે છે અથવા ટેસ્ટીંગ સ્ટેજ પર છે તે ઝડપથી પૂર્ણ કરવા અથવા જો શક્ય હોય તો તેને અંશત પૂર્ણ જાહેર કરી ઉપયોગમાં લેવા જોઇએ.

- બીઆરટીએસ પ્રોજેક્ટમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ જરૂરી ફેરફાર કરી પ્રોજેક્ટ્સમાં ફેરફાર કરવો જોઇએ જેથી પ્રોજેક્ટસ્ માં અમલીકરણમાં અડચણો ન રહે.
- દરેક પ્રોજેક્ટસ્ ની પ્રપોઝલ એસએલએન એ તરફથી જવી જોઇએ.
- રજુ થયેલ પ્રોજેક્ટસ્ માં સંબંધિત શહેરનાં સાંસદ સભ્ય / ધારાસભ્ય / મેયર મારફત કરવામાં આવેલ સૂચનાનો સમાવેશ કરી જરૂર જણાય તે મુજબ પ્રોજેક્ટસ્ માં ફેરફાર કરવો.

અંતમાં ચર્ચાનાં કોઇ મુદ્દા ન રહેતા મિટિંગ, આભાર વિધી સાથે સાંજના ૨૦:૪૫ કલાકે પૂર્ણ કરવામાં આવેલ.

**એજન્ડા ક્રમાંકઃ-૨**

## <u>તા. ૨૮/૦૫/૨૦૦૮</u>ના રોજ યોજાયેલી છઠ્ઠી સ્ટેટ લેવલ સ્ટીયરીંગ કમિટિની મિટિંગમાં લેવાયેલ નિર્ણયો પરત્વે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન મારફત કરવામાં આવેલ કામગીરીની વિગત

| ક્રમ | છઠ્ઠી એસએલએસસીમાં સૂચવેલ કામોની યાદી | જી.યુ.ડી.એમ. / કોર્પોરેશન દ્વારા થયેલ કામગીરી |
|---|---|---|
| ૧ | અમદાવાદના ત્રણ ડીપીઆર મંજુર કરવામાં આવ્યાં. | જી.યુ.ડી.એમ. દ્વારા ભારત સરકારમાં રજૂ કરવામાં આવ્યાં. |
| ૨ | ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઇ જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેક્ટ્સમાં પૂરતી અસલામતીની તથા લોકોને ઓછામાં ઓછી અસુવિધા થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. | કોર્પોરેશન દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવ્યાં. |
| ૩ | અમદાવાદ, વડોદરાના પ્રોજેક્ટસ અમલી કરવામાં પાછળ છે તેને ગતિમાં લાવવામાં આવ્યાં. | અમદાવાદ તથા વડોદરાના જે પ્રોજેક્ટસ અમલી કરવામાં ઝડપી બનાવવામાં આવેલ. હાલમાં અમદાવાદ ખર્ચ ૭૨% તથા વડોદરા ખર્ચ ૬૦% મંજુરી સામે થયેલ છે. |
| ૪ | જી.યુ.ડી.એમ. માં થર્ડ પાર્ટી ઇન્સપેકશન રીપોર્ટ મોકલવામાં આવે છે. | નિયમિત રીતે રીપોર્ટ રજૂ થાય છે. |
| ૫ | બીઆરટીએસ માં જરૂરી ફેરફાર માર્ગદર્શિકા મુજબ કરવા. | બીઆરટીએસ માં ત્રણેય સીટી દ્વારા આનુસાંગિક ફેરફારો કરવામાં આવેલ છે. |
| ૬ | પ્રોજેક્ટસની પ્રપોઝલ એસએલએનએ દ્વારા જાય છે. | હવે તમામ પ્રપોઝલ જીયુડીએમ મારફત રજુ થાય છે. |
| ૭ | સૂચનાનો સમાવેશ કરી જરૂર જણાય તે મુજબ પ્રોજેક્ટસમાં ફેરફાર કરવામાં આવ્યા. | ડીપીઆરમાં જરૂરી સુધારા તુરંત કરીને જ ભારત સરકારમાં રજુ કરવામાં આવ્યા. |

**એજન્ડા ક્રમાંકઃ-૩**

**જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (જે.એન.એન.યુ.આર.એમ.)ની અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સ (યુ.આઈ.જી.) યોજનાનાં પ્રોજેક્ટની સમીક્ષાઃ**

જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (જે.એન.એન.યુ.આર.એમ.) નો મુખ્ય ઉદ્દેશ શહેરને આર્થિક રીતે સક્ષમ, કાર્યક્ષમ અને ધબકતાં બનાવવાનું છે. હાલ આજની સ્થિતિએ શહેરીકરણના વધતા જતા વ્યાપ સાથે સંકળાયેલી શહેરોની આ બહુપરિમાણીય સમસ્યાઓને અસરકારક રીતે પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારે જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (જે.એન.એન.યુ.આર.એમ.) ની રચના કરી છે તથા શહેરી વિકાસ માટે જવાહરલાલ અર્બન રીન્યુઅલ મિશન યોજનાનું અમલીકરણ કરવામાં ગુજરાત અગ્રીમ હરોળમાં છે.

ગુજરાતમાં ચાર મુખ્ય મોટાં શહેરોને (અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા) સમાવતી પેટા યોજના અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સ (યુ.આઈ.જી.) તથા બેઝિક સર્વિસિસ ટુ અર્બન પુઅર (બી.એસ.યુ.પી.) અમલીકૃત છે. ઉપરાંત તાજેતરમાં પોરબંદર શહેરનો સમાવેશ પણ કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત ડિસેમ્બર -૨૦૦૫માં યોજના મુકવામાં આવી જેના સંદર્ભમાં ભારત સરકાર તરફથી નીચેની વિગતે યોજનાવાઇઝ સાત વર્ષ માટે સમગ્ર ગુજરાત રાજ્ય માટે ફંડની ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ.

| **યોજનાનું નામ** | **સાત વર્ષ માટે ફાળવવામાં આવેલ કુલ રકમ (ભારત સરકારની સહાય) (રૂા. કરોડમાં)** |
|---|---|
| અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગર્વનન્સ (યુઆઇજી) | ૨૦૭૮.૮૧ |
| બેઝીક સર્વિસ ટુ અર્બન પુઅર (બીએસયુપી) | ૮૬૫.૫૬ |
| અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સ્કીમ ફોર સ્મોલ એન્ડ મીડીયમ ટાઉન (યુઆડીએસએસએમટી) | ૩૫૧.૮૨ |
| ઇન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઇએચએસડીપી) | ૨૧૩.૫૪ |
| **કુલ :-** | **૩૪૦૯.૮૦** |

ઉક્ત ફાળવણી ભારત સરકાર તરફથી રાજ્યોની શહેરી વસ્તી તથા શહેરી ગરીબીની વસ્તીના પ્રમાણમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને ગુજરાત સરકાર તરફથી સને ૨૦૦૧ ની વસ્તીને ધ્યાનમાં રાખીને ચાર મિશન સીટી માટે નીચે મુજબ કરવામાં આવેલ છે.

| શહેરનું નામ | સેન્સસ ૨૦૦૧ મુજબ (લાખમાં) | % ડીવીઝન | યુ.આઇ.જી. ભારત સરકારની સહાયતી (કરોડ) | બી.એસ.યુ.પી. ભારત સરકારની સહાય |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૪૫.૨૫ | ૪૬.૦૩ | ૯૫૫ | ૩૯૮ |
| સુરત | ૨૮.૧૧ | ૨૮.૬૦ | ૬૦૨ | ૨૪૭ |
| વડોદરા | ૧૪.૯૧ | ૧૫.૧૭ | ૩૧૨ | ૧૩૧ |
| રાજકોટ | ૧૦.૦૩ | ૧૦.૨૦ | ૨૧૨ | ૮૯ |
| **કુલ** | | **૧૦૦** | **૨૦૭૮** | **૮૬૫** |

જેના અનુસંધાને વધુમાં વધુ નીચે મુજબના પ્રોજેક્ટ મંજુર થઇ શકે.

(રૂા. કરોડમાં)

| શહેરનું નામ | યુ.આઇ.જી. ભારત સરકાર સહાય | વધુમાં વધુ પ્રોજેકટ રકમ મંજુર થઇ | મંજુર થયેલ પ્રોજેકટની રકમ |
|---|---|---|---|
| અમદાવાદ | ૯૫૫ | ૨૭૨૮ | ૨૩૧૬ |
| સુરત | ૬૦૨ | ૧૨૦૪ | ૧૬૩૩ |
| વડોદરા | ૩૧૨ | ૬૨૪ | ૫૭૪ |
| રાજકોટ | ૨૧૨ | ૪૨૪ | ૩૦૪ |

ઉક્ત તમામ મંજુર થયેલ પ્રોજેક્ટસ, શહેરવાઇઝ ફાળવણી તથા બાકી રહેતી પ્રોજેક્ટ રકમની વિગત નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | કુલ ફાળવણી (ભારત સરકારનો ફાળો) | વધુમાં વધુ પ્રોજેક્ટ રકમ જે મંજુર થઇ શકે | મંજુર થયેલ પ્રોજેક્ટની રકમ | બાકી રહેતી રકમ પ્રોજ્કટની રકમ રૂ. | બાકી રહેલ ભારત સરકારની સહાય | ભારત સરકારમાં મંજુરી માટે પેન્ડીંગ પ્રોજેક્ટ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૫૫ | ૨૭૨૮ | ૨૩૧૬.૩૭ | ૪૧૧ | ૧૪૪ | ૪૮૯ |
| ૨ | સુરત | ૬૦૨ | ૧૨૦૪ | ૧૬૩૪.૩૯ | -૪૩૦.૩૯ | Nil | ૧૩૯ |
| ૩ | વડોદરા | ૩૧૨ | ૬૨૪ | ૫૭૪.૨૪ | ૪૯.૭૬ | ૨૪ | ૮૫ |
| ૪ | રાજકોટ | ૨૧૨ | ૪૨૪ | ૩૦૫ | ૧૧૯.૪૮ | ૬૦ | ૨૩૧ |

આ ઉપરાંત કેન્દ્ર સરકાર તરફથી પ્રતિ શહેરી રૂ. ૧૦૦ કરોડની કેન્દ્ર સરકાર સહાય માટે જાહેરાત કરવામાં આવેલ જે પૈકી અમદાવાદ શહેરના રૂ. ૨૮૬ કરોડના, સુરત શહેરના રૂ. ૨૦૦ કરોડના, વડોદરા શહેરના રૂ. ૨૦૨ કરોડનો પ્રોજક્ટ મંજુર થયેલ છે જેની ગણતરી ઉપરોક્ત મંજુર થયેલ પ્રોજેક્ટમાં લીધેલ નથી. ઉપરાંત રાજકોટ શહેરના રૂ. ૧૯૨ કરોડનો પ્રોજેક્ટ ભારત સરકારમાં મંજુરી અર્થે રજુ કરેલ છે જે મંજુરીની પ્રક્રીયામાં છે.

ઉપરોક્ત વિગતે તથા સામેલ પત્રક મુજબ, ગુજરાતમાં ચાર મુખ્ય મોટાં શહેરોને (અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા) સમાવતી પેટા યોજના પૈકી અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સ (યુ.આઈ.જી.) યોજનામાં ગુજરાતે અત્યારસુધીમાં રૂ. ૫૨૫૪ કરોડનાં કુલ ૬૭ પ્રોજેક્ટ માટે મંજૂરી મેળવી છે. જેમાં અમદાવાદ શહેર માટે રૂ. ૨૫૪૦ કરોડનાં કુલ ૨૬ પ્રોજેક્ટ, સુરત શહેર માટે રૂ. ૧૮૩૫ કરોડનાં કુલ ૨૫ પ્રોજેક્ટ, રાજકોટ શહેર માટે રૂ. ૩૦૫ કરોડના કુલ ૫ પ્રોજેક્ટ તથા વડોદરા શહેર માટે રૂ. ૫૭૪ કરોડનાં કુલ ૧૧ પ્રોજેક્ટની મંજૂરી મેળવી છે. જેમાં અમદાવાદ, સુરત તથા રાજકોટમાં સામાન્ય જન માટે પરિવહન સુલભ બનાવતી જનમાર્ગ પરિવહન યોજના (બીઆરટીએસ)નો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત પાણી પુરવઠા ને લગતા, રેલવે તેમ જ ફ્લાય ઓવરબ્રીજ, ઘનકચરાના નિકાલને લગતા, ગટર વ્યવસ્થા અને શહેરનાં જૂનાં વિસ્તારોના જીર્ણોદ્ધારને લગતાં પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. જેમાં હાલની સ્થિતિએ ૬૭ પ્રોજક્ટો પૈકી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તરફથી કુલ મળેલ રકમ રૂ. ૧૩૧૧ કરોડમાંથી જી.યુ.ડી.એમ. દ્વારા રૂ. ૧૩૧૧ કરોડ સ્થાનિક સંસ્થાને ફાળવેલ છે જેમાંથી સ્થાનિક સંસ્થાઓ દ્વારા કુલ રૂ. ૧૭૨૧ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામોમાં અમદાવાદ શહેર માટે મંજુર થયેલ બસ ખરીદીના પ્રોજેક્ટ્સનો સમાવેશ પણ થઇ જાય છે. આ તમામ કામોની નાણાંકીય તથા ભૌતિક પ્રગતિ દર્શાવતું પત્રક આ સાથે બિડાણમાં બિડાણ-૧ તરીકે સમીક્ષા અર્થે રજુ કરેલ છે.

**એજન્ડા ક્રમાંકઃ-૪**

**જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (જે.એન.એન.યુ.આર.એમ.)ની બેઝિક સર્વિસિસ ટુ અર્બન પુઅર (બી.એસ.યુ.પી.) યોજનાનાં પ્રોજેક્ટની સમીક્ષાઃ**

ગુજરાતમાં ચાર મુખ્ય મોટાં શહેરોને (અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા) સમાવતી પેટા યોજના પૈકી બેઝિક સર્વિસિસ ટુ અર્બન પુઅર (બી.એસ.યુ.પી.) યોજનામાં ગુજરાતે અત્યારસુધીમાં રૂ. ૧૪૩૬ કરોડનાં કુલ ૧૬ પ્રોજેક્ટ માટે કુલ ૯૫૦૮૪ આવાસોનું બાંધકામની મંજૂરી મેળવી છે. જેમાં અમદાવાદ શહેર માટે રૂ. ૫૨૪ કરોડનાં કુલ ૦૩ પ્રોજેક્ટ, સુરત શહેર માટે રૂ. ૬૧૧ કરોડનાં કુલ ૦૯ પ્રોજેક્ટ, રાજકોટ શહેર માટે રૂ. ૯૯ કરોડના કુલ ૦૨ પ્રોજેક્ટ તથા વડોદરા શહેર માટે રૂ. ૨૦૩ કરોડનાં કુલ ૦૨ પ્રોજેક્ટની મંજૂરી મેળવી છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ શહેરમાં સ્લમ વિસ્તારમાં રહેતા લોકો માટે પાયાગત સુવિધાઓવાળા આવાસો બાંધવાની કામગીરી હાલ અમલીકરણ હેઠળ છે. શહેરવાઇઝ એલોકેશન તથા મંજુરી ની વિગત નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| **ક્રમ** | **મહાનગરપાલિકાનું નામ** | **ભારત સરકારની સહાયની ફાળવણી** | **વધુમાં વધુ પ્રોજેક્ટ રકમ જે મંજુર થઇ શકે** | **મંજુર થયેલ પ્રોજેક્ટની રકમ** | **બાકી રહેતી રકમ પ્રોજેક્ટની રકમ રૂ.** | **બાકી રહેલ ભારત સરકારની સહાય** | **ભારત સરકારમાં મંજુરી માટે પેન્ડીંગ પ્રોજેક્ટ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૯૮ | ૭૯૬ | ૫૨૪ | ૨૭૨ | ૧૩૬ | ૧૮ |
| ૨ | સુરત | ૨૪૭ | ૪૯૪ | ૬૧૧ | -૧૧૭ | Nil | Nil |
| ૩ | વડોદરા | ૧૩૧ | ૨૬૨ | ૨૦૩ | ૫૯ | ૨૯ | Nil |
| ૪ | રાજકોટ | ૮૯ | ૧૭૮ | ૯૯ | ૭૯ | ૩૯ | Nil |

આ તમામ કામોની નાણાંકીય તથા ભૌતિક પ્રગતિ દર્શાવતું પત્રક બિડાણઃ- ૨ તરીકે આ સાથે બિડાણમાં સમીક્ષા અર્થે રજુ કરેલ છે.

**એજન્ડા ક્રમાંકઃ- ૫**

**પોરબંદર શહેરનો વિકાસ નકશો (સીટી ડેવલપમેન્ટ પ્લાન) મંજુર કરવા અંગેઃ-**

જે.એન.એન.યુ.આર.એમ. અંતર્ગત કોઇ પણ શહેરની પસંદગી થાય એટલે તે શહેર 'મિશન સીટી' કહેવાય. પોરબંદર શહેરની પસંદગીની તા. ૦૫.૦૨.૨૦૦૯ થી 'મિશન સીટી' તરીકે શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકાર મારફત કરવામાં આવેલ છે. શહેરની વસ્તીને ધ્યાનમાં રાખતા તેનો સમાવેશ કેટેગરી 'સી' એટલે કે દશ લાખથી ઓછી વસ્તીવાળા શહેર તરીકે કરવામાં આવેલ છે. જેમાં, નાણાંકીય સહાયનું ધોરણ પ્રોજેક્ટની કિંમતના ૮૦% ભારત સરકાર મારફત, ૧૦% ગુજરાત રાજ્ય સરકાર મારફત તથા ૧૦% પોરબંદર નગરપાલિકાના ફાળા તરીકે રહેશે.

શહેરની પસંદગી કર્યા બાદ 'મિશન સીટી' તરફથી પ્રથમ સાત વર્ષના પીરીયડ માટેનો સીટી ડેવલપમેન્ટ પ્લાન રાજ્ય સરકારની 'સ્ટેટ લેવલ સ્ટીયરીંગ કમિટિ' (એસ.એલ.એસ.સી.) મારફત મંજુર કરાવવી ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય માં રજુ કરવાનો રહે છે. જેની ટેકનીકલ ચકાસણી ભારત સરકાર દ્વારા નિયુક્ત એજન્સી મારફત કરાવીને 'સેન્ટ્રલ સેન્સનિંગ એન્ડ મોનીટરીંગ કમિટિ' (સી.એસ.એમ.સી.) મારફત મંજુર કરાવવાના રહે છે. જે મંજુર થયેથી, 'મિશન સીટી' મારફત અર્બત રીફોર્મસ માટે ભારત સરકાર, ગુજરાત સરકાર તથા પોરબંદર નગરપાલિકા અંગે એક એગ્રીમેન્ટ સહી કરવાનું રહે છે. જે સહી થતાં મિશન સીટી ભારત સરકારની સહાય માટે એલીજીબલ બને છે.

એલીજીબલ થયેલ મિશન સીટી મારફત પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, ઘન કચરા નિકાલ વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન, વરસાદી પાણીના નિકાલ વ્યવસ્થાપન વિગેરે કામો માટે અલગ અલગ ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ બજાવીને રજુ કરવાનો રહે છે. જેને રાજ્ય સરકારશ્રીની સ્ટેટ લેવલ નોડલ એજન્સી જે ગુજરાતમાં 'ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન' છે તેનાં મારફત કરાવી તેની મંજુરી સ્ટેટ લેવલ સ્ટીયરીંગ કમિટિ (એસ.એલ.એસ.સી.)માં મેળવી ભારત સરકારમાં રજુ કરવાનો રહે છે. ભારત સરકારમાં તેની ટેકનીકલ ચકાસણી કરાવીને સેન્ટ્રલ સ્ટીયરીંગ એન્ડ સેન્સનિંગ એન્ડ મોનીટરીંગ કમિટિ' (સી.એસ.એમ.સી.) મારફત મંજુર કરવામાં આવે છે. જે મંજુર થતાં થયેલ પ્રોજેક્ટ કિંમતના ભારત સરકારના હિસ્સાના ૨૫% સહાય છુટી કરવામાં આવે છે. કામની પ્રગતિના આધારે બાકીની રકમ ત્રણ સમાન હિસ્સામાં કરવામાં આવે છે.

પોરબંદરની મિશન સીટીમાં એલીજીબલ થવા સૌ પ્રથમ જરૂરી 'સીટી ડેવલપમેન્ટ પ્લાન' બનાવવાની કામગીરી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન તરફથી ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૭થી

કામગીરી આ કામમાં **<u>રાષ્ટ્રીય કક્ષાના કન્સલટન્ટ અર્નસ્ડ એન્ડ યંગ કન્સલટન્ટ</u>**ને રોકી શરૂ કરવામાં આવેલ કન્સલટન્ટ દ્વારા કરાયેલ કામગીરીની તારીખ વાઇઝ વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | કામ શરૂ કર્યા તારીખ | ૧૫ જાન્યુઆરી, ૨૦૦૭ |
| ૨ | પ્રથમ ડ્રાફ્ટ રીપોર્ટ રજુ કર્યા તારીખ | ૧ જુન, ૨૦૦૭ |
| ૩ | લોકોના સૂચનો / સુઝાવ નક્કી કર્યા તારીખ | ૮ જુન, ૨૦૦૭ |
| ૪ | લોકોના સૂચનો / સુઝાવને આધારે બીજો ડ્રાફ્ટ રજુ કર્યા તારીખ | ૧ ઓગષ્ટ, ૨૦૦૭ |
| ૫ | બીજો ડ્રાફ્ટ પર લોકોના સૂચનો / સુઝાવ અંગે રીવ્યુ મિટિંગની તારીખ | ૨૦ ઓક્ટોબર, ૨૦૦૭ |
| ૬ | બીજા ડ્રાફ્ટ અંગે સૂચનો ફાઇનલ કર્યા તારીખ | ૨૬ ઓક્ટોબર, ૨૦૦૭ |
| ૭ | વસ્તીની ગણતરી / પ્રોજેક્શન માટે | ૬ નવેમ્બર, ૨૦૦૭ |
| ૮ | નગરપાલિકા મારફત લોકોના સૂચનોના આધારે કામોની અગ્રતા | ૯ જાન્યુઆરી, ૨૦૦૮ |
| ૯ | બીજો ડ્રાફ્ટ ફાઇનલ કર્યા તારીખ | ૫ મે, ૨૦૦૮ |
| ૧૦ | તમામ પાસાઅલને સાંકળી ડ્રાફ્ટને પુનઃ અવલોકન કરી રીવાઇઝડ કર્યા તારીખ | ૧૬ એપ્રીલ, ૨૦૦૯ |
| ૧૧ | ત્રીજો, આખરી ડ્રાફ્ટ ટેકનીકલ સૂચનો સાથે પૂર્ણ કર્યા તારીખ | મે, ૨૦૦૯ |

ટેકનીકલી હવે, સીટી ડેવલપમેન્ટ પ્લાન પૂર્ણ કરેલ છે. જેમાં નીચે મુજબની અગ્રતા મુજબ સેકટરવાઇઝ અંદાજો સૂચવવામાં આવેલ છે.

| **અગ્રતા ક્રમ** | **સેક્ટર** | **અંદાજીત રકમની જરૂરીયાત (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | પાણી પુરવઠા યોજના | ૭૦.૨૯ |
| ૨ | ગટર વ્યવસ્થાપન | ૧૨૮.૧૦ |

| | | |
|---|---|---|
| ૩ | વરસાદી પાણી નિકાલ | ૧૮૦.૯૨ |
| ૪ | રસ્તા કામ, બ્રીજ, ટ્રાન્સપોર્ટ | ૩૬૭.૫૭ |
| ૫ | ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન | ૧૪.૬૩ |
| ૬ | દીવાબત્તી | ૧૦.૪૦ |
| ૭ | આવાસ યોજના | ૭૭.૭૭ |
| ૮ | હેરીટેજ / ટુરીઝમ | ૫.૦૬ |
| ૯ | સોશીયલ એમીનીટીસ | ૧૭.૭૭ |
| | **કુલઃ-** | **૮૭૨.૫૮** |

ઉક્ત વિગત મુજબનો પોરબંદરનો સીટી ડેવલપમેન્ટ પ્લાન એસ.એલ.એસ.સી.માં મંજુર થયેથી ભારત સરકારમાં રજુ કરવામાં આવશે તથા ત્યાબાદ જરૂરી કરારો કરવામાં આવશે.

વિશેષમાં જેએનએનયુઆરએમ હસ્તકના કામો માટે ભારત સરકાર તરફથી ભારત સરકારની સહાય તરીકે જુદા જુદા કામો માટે, સાત વર્ષ માટે ફાળવેલ મુળ ગ્રાન્ટ રકમ રૂ. ૩૪૦૯.૭૩ તથા ચાર શહેરો માટે વધારાના રૂ. ૧૦૦ કરોડ પ્રતિ શહેર મળીને રૂ. ૩૯૦૯.૭૩ કરોડ છે. જે પૈકી ઇન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે રૂ. ૨૦૭૮.૮૧ કરોડના જે પૈકી રૂ. ૨૦૨૩.૧૨ કરોડના ભારત સરકારના કામો માર્ચ-૨૦૦૯ સુધીમાં મંજુરી થઇ ચૂકેલ છે.

એટલે કે, કુલ ભારત સરકારની સહાય હવે પૂર્ણ થવામાં છે. વિશેષમાં પોરબંદર શહેર માટે ભારત સરકાર તરફથી કઇ વિશેષ સહાયની ફાળવણી કરાયેલ નથી. જે અંગે માનનીય મંત્રીશ્રી, શહેરી વિકાસ વિભાગ મારફત એક પત્ર ભારત સરકારશ્રીને પાઠવવામાં આવેલ છે.

**એજન્ડા ક્રમાંકઃ- ૬**

**સુરત મહાનગરપાલિકાના અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સના પ્રોજેક્ટ સબબ**

ભારત સરકારના સચિવશ્રી તરફથી પ્રતિ દર માસે તમામ પ્રોજેક્ટ્સનો રિવ્યું કરવામાં આવે છે. જેના સંદર્ભમાં તાજેતરમાં ગુજરાત સરકારશ્રીના સચિવશ્રીને ઉદ્દેશીને લખાયેલ પત્ર મુજબ, સુરત શહેરના નીચે મુજબના ત્રણ ૨૦૦૭ - ૦૮ માં મંજુર થયેલ પ્રોજેક્ટસમાં બિલકુલ ખર્ચ થયેલ ન હોવાની વિગત દર્શાવેલ છે.

જેના સંદર્ભમાં આ ત્રણ પ્રોજેકટ્સની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પ્રોજેકટનું નામ | ભારત સરકારની મંજુરીની તારીખ | મંજુર થયેલ રકમ (રૂા. કરોડમાં) | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ગોથાન ખાતે રેલ્વે ઓવર-બ્રીજનું કામ | ૮/૦૨/૨૦૦૮ | ૧૪.૨૭ | રેલ્વેની મંજુરી મળેલ નથી. |
| ૨ | સુરત ખાતે સુએજ પમ્પીંગ સ્ટેશન તથા ટ્રીટમેન્ટ પ્લાન્ટ માં સ્કાડા સિસ્ટમ ડેવલપ કરવા અંગે | ૨૯/૦૨/૨૦૦૮ | ૩૦.૬૩ | ટેન્ડરો ઈનવાઇટ કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| ૩ | સચિન-મગદલ્લાં ખાતે ચાર લેઇનનો રેલવે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી | ૨૯/૦૨/૨૦૦૮ | ૨૦.૭૭ | આ કામમાં રેલવે તરફથી ડિઝાઇનમાં, ફેરફાર સુચવતા તથા એલાઇનમેન્ટ ફરતા કામનાં અંદાજમાં રિવાઇઝડ કરવાની જરૂરીયાત છે. |

આ અંગે સચિવશ્રી, ભારત સરકારશ્રીના સંદર્ભિત પત્ર આ સાથે બિડાણમાં <u>બિડાણ-૩</u> તરીકે છે.

જે સંદર્ભમાં કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા તરફથી મળેલ પત્ર-(૧) તા. <u>બિડાણ-૪</u> તથા (૨) તા. ૦૪.૦૭.૨૦૦૯ પત્ર ક્રમાંકઃ- કમિ./૯૫ પણ <u>બિડાણ-૫</u> માં રાખેલ છે. જે પત્રમાં દર્શાવ્યા મુજબ, કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા તરફથી નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની અરજ કરાયેલ છે.

(રૂ. કરોડમાં)

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | ભારત સરકારની મંજુરીની તારીખ | મૂળ ડીપીઆર રકમ | રિવાઇઝ્ડ ડીપીઆર રકમ | બચત / વધારે રકમ | સુરત મહાનગરપાલિકાથી થયેલ રજુઆત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગોથાન ખાતેના રેલવે ઓવરબ્રીજનું કામ | ૦૮.૦૨.૨૦૦૮ | ૧૪.૨૭ | 0.00 | -૧૪.૨૭ | મંજુર થયેલ ડી.પી.આર. માં સુચવાયેલ જગ્યા પર DFCCIL તરફથી સ્પે. જંકશન પાર્ક બનાવવાનું હોય બ્રીજની એલાઇમેન્ટ કરશો. ઉપરાંત આઉટર રીંગ સાથે તેને મેળવવા જરૂરી તથા તે માટે જરૂરી ટીપી રસ્તાની જમીન મેળવવા સમય વ્યતિત થાય તેમ છે. ઉપરાંત, તે પરત્વે રેલવેની મંજુરી પણ લેવાની થાય છે. જેના પરિણામે માર્ચ-૨૦૧૧ સુધી બ્રીજ ચાલુ થઇ શકે તેમ નથી. જે ત્યારબાદ, બે વર્ષ બ્રીજ બનાવવામાં થશે. જેથી આ બ્રીજનો ડીપીઆર પરત થયા અભિપ્રાય છે. |
| ૨ | સચિન | ૨૯.૦૨.૨૦૦૮ | ૨૦.૭૭ | ૩૨.૪૭ | ૧૧.૭૦ | વેસ્ટર્ન ફ્રેઇટ કોરીડરની |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | મગદલ્લા ખાતેનાં રેલવે ઓવરબ્રીજ | | | | | ભારત સરકારની દરખાસ્તને ધ્યાનમાં રાખીને આ બ્રીજની એલાઇમેન્ટ કરેલ છે. જે માટે જરૂરી રિવાઇઝડ મંજુરી રેલવે તરફથી મંજુરી મળેલ છે. જેને ધ્યાનમાં રાખી રિવાઇઝડ ખર્ચ રૂ. ૩૨.૪૭ કરોડનો અંદાજીત રિવાઇઝડ ડીપીઆર મંજુરી અર્થે રજુ કરેલ છે. |
| ૩ | સુરત શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા | ૨૦.૦૪.૨૦૦૭ | ૧૩૩.૮૨ | ૧૧૬.૬૨ | -૧૭.૨૦ | ભારત સરકાર તરફથી સુરત શહેરના વરસાદી પાણીની નિકાલની વ્યવસ્થા અંગેનો ડીપીઆર મંજુર થયેલ છે. જેમાં આજની તારીખ સુધી રૂ. ૬૩.૧૪ કરોડનો ખર્ચ થયેલ છે. આ પ્રોજેક્ટમાં સ્થળ, સ્થિતિ મુજબ બચત થઇ શકે તેમ છે. જેને ધ્યાનમાં લઇ વિગતવાર પ્રોજેક્ટ ફરીથી બજાવતા, પ્રોજેક્ટનો રિવાઇજઝડ અંદાજ રૂ. ૧૧૬.૬૨ કરોડ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | થાય છે. જે માટે રિવાઇઝડ અંદાજ રજુ થતા પ્રોજેક્ટ મંજુર રકમમાં રૂ. ૧૭.૨૦ કરોડની બચત થશે. |
| ૪ | સુરત ખાતે સુએજ પમ્પીંગ સ્ટેશન માટે સ્કાડા સીસ્ટમ | ૨૯.૦૨.૨૦૦૮ | ૩૦.૬૩ | Nil | Nil | કામ માટે ટેન્ડરો ઇન્વાઇટ કરી વર્ક ઓર્ડર આપેલ છે. જેથી કામગીરી હાથ પર લેવાયેલ છે તથા ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. |

૧. સૂચવેલ રિવીઝનથી કુલ રૂ. ૧૯.૭૭ કરોડની બચત થાય છે. જે ધ્યાને લેવા વિનંતી.

૨. ઉપરોક્ત તમામ બાબતો ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકાનાં ઉપરોક્ત તમામ પ્રોજેક્ટસ અંગે જરૂરી નિર્ણય થવા સબબ.

**એજન્ડા ક્રમાંકઃ- ૭**

**અમદાવાદ શહેરનાં ભદ્ર આસપાસનાં વિસ્તારનો ઐતિહાસિક સાઇટ તરીકે વિકસાવવા અંગે નવો ડી.પી.આર. મંજુર કરવા અંગેઃ-**

અમદાવાદ શહેરનાં વધતાં જતાં વિકાસની વસ્તીને પરિણામે ગામ-તળ વિસ્તારમાં પરિણામે શહેરી ઐતિહાસિક ઇમારતો / ભાગની સાચવણી થઇ શકતી નથી. તેમાં પણ ખાસ કરીને ત્રણ દરવાજા, ભદ્ર ફોર્ટ, કાલીમંદિર વિસ્તારનું ઐતિહાસિક મૂલ્ય જળવાઇ રહે તે રીતે તેનો વિકાસ કરવો ખૂબ જ જરૂરી બનેલ છે. જેએનએનયુઆરએમ હેઠળ અર્બન ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગર્વનન્સ યોજના તળે શહેરી ઇમારતો હેરિટેજ વિકાસ અંગેનો ડી.પી.આર. મંજુરીને પાત્ર બને છે. ભદ્ર વિસ્તારનાં વિકાસ અર્થે અમદાવાદ મહાનગરપાલિકા તરફથી ઐતિહાસિક વિકાસ (હેરિટેજ ડેવલપમેન્ટ) નો ડી.પી.આર. ભારત સરકારમાં મંજુરી અર્થે મોકલવા રજૂ કરેલ છે.

આ ડી.પી.આર. નાં ત્રણ વિભાગો છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. ભદ્ર કિલ્લા જાળવણી સબબ પુરાતત્વ ખાતાની માર્ગદર્શિકા મુજબ કામગીર કરવી.
૨. ભદ્ર આસપાસનાં વિસ્તારનો ‘ભદ્ર પ્લાઝા’ તરીકે વિકસાવવા જરૂરી કામગીરી કરવી.
૩. ભદ્ર આસપાસનાં વિસ્તારને ‘પેડેસ્ટ્રીયન – વિસ્તાર’ જાહેર કરી તે માટે જરૂરી વિકાસ / માળખાકીય સુવિધાની કામગીરી કરવી.

આ કામગીરી માટે અમદાવાદ મહાનગરપાલિકા તરફથી રજુ થયેલ ડી.પી.આર.ની કિંમત રૂ. ૯૨.૨૬ કરોડની અંદાજવામાં આવેલ જેની ટેકનિકલ સ્ક્રુટ્રીની કરતાં સ્ટેટ લેવલ નોડલ એજન્સી તરફથી અંદાજવામાં આવેલ મંજુરીને પાત્ર રકમ રૂ. ૮૧.૧૨ કરોડ મંજુર થવા અભિપ્રાય થયેલ છે. આ અંગે કરવામાં આવેલ ‘ટેકનીકલ સ્ક્રુટીની’ આ સાથે બિડાણમાં બિડાણ-૬ રાખવામાં આવેલ છે.

જેએનએનયુઆરએમની માર્ગદર્શિકા મુજબ ઉક્ત પ્રોજેક્ટ રૂ. ૮૧.૧૨ કરોડની કિંમત સામે ભારત સરકારનાં ૩૫% મુજબ રૂ. ૨૮.૩૯ કરોડ ગુજરાત સરકારનાં ૧૫% મુજબ રૂ. ૧૨.૧૭ કરોડ તથા અમદાવાદ મહાનગરપાલિકાનાં ૫૦% મુજબ રૂ. ૪૦.૫૬ કરોડ હિસ્સામાં રહેશે.

ઉપરોક્ત તમામ વિગતોથી આ ડી.પી.આર. એસએલએસસી થી મંજુર થવા યોગ્ય નિર્ણય થવાનો રહે છે.

**એજન્ડા ક્રમાંકઃ- ૮**

**વડોદરા શહેરમાં મૂળભૂત સેવા તથા 'કાન્સ'ને વિકસાવવા અંગે રજુ થયેલ ડી.પી.આર. મંજુર થવા અંગેઃ-**

ભારત સરકાર તરફથી ડિસેમ્બર ૨૦૦૮ માં પ્રત્યેક શહેર તરફથી રૂ. ૧૦૦ કરોડની ભારતસરકારની સહાય સાથે એક પ્રોજેક્ટ મુકવાની વધારાનાં ફંડ જોગવાઇ કરવામાં આવેલ. જે મુજબ 'મિલીયન પ્લસ સીટી' તરીકે વડોદરા શહેરનો એક પ્રોજેક્ટ રૂ. ૨૦૦ કરોડનો મંજુરીને પાત્ર બને છે. આ માટે વડોદરા શહેર તરફથી પ્રોજેક્ટ રિપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**અ. મુળભુત સેવા અંગે પાણી પુરવઠા પ્રોજેક્ટ બે ભાગમાં વહેચાયેલ છેઃ-**

વડોદરા શહેરની પાણી પુરવઠા વ્યવસ્થા સઘન બનાવવા તથા આગવા ભવિષ્યના આયોજન સાથે ૨૦૪૧ સુધીનું આગવું આયોજન કરેલ છે. હાલમાં પાણી પુરવઠાનું વિતરણ ૪૦ થી ૭૦ મિનિટ થાય છે. જે વધારીને '૨૪*૭' કરવા અંગે તથા તે માટે જરૂરી માળખાકીય સુવિધાનું આયોજન થવા તેમજ, તમામ વ્યવસ્થા મિટર આધારીત કરવા ડીપીઆર રજુ થયેલ છે. જેની ટેકનિકલ સ્કુટીની કરવામાં આવેલ છે.

**બ. કાન્સ્ (કુદરતી વરસાદી પાણીના નિકાલ વ્યવસ્થા ગટર)નાં વિકાસ અર્થેઃ-**

વડોદરા શહેરના વરસાદી પાણીના નિકાલ વ્યવસ્થાપન કાન્સ્ મારફત થાય છે. પરંતુ આ કુદરતી વહેણ (કાન્સ્) ગટરોમાં પરિવર્તન થાય છે. જેને વ્યવસ્થિત રીતે વરસાદી પાણી નિકાલ વ્યવસ્થા ગટરમાં રૂપાંતરીત કરવા માંગે રજૂ થયેલ ડીપીઆરનો બીજો ભાગ રજુ કરેલ છે. જેની ટેકનિકલ સ્કુટીની કરવામાં આવેલ છે.

જેએનએનયુઆરએમની માર્ગદર્શિકા મુજબ ઉક્ત પ્રોજેક્ટનાં રૂ. ૨૧૩.૪૪ કરોડ માં ભારત સરકારની સહાય ૫૦% નાં ધોરણે રૂ. ૧૦૬.૭૨ કરોડ ગુજરાત સરકારની સહાય ૨૦%નાં ધોરણે રૂ. ૪૨.૬૯ કરોડ તથા વડોદરા મહાનગરપાલિકાનાં હિસ્સો 30% મુજબ રૂ. ૬૪.03 કરોડ થાય છે.

આ પ્રોજેક્ટની ટેકનિકલ ચકાસણી એસએલએનએ તરફથી કરવામાં આવેલ છે તથા તે અંગેનો રિપોર્ટ આ સાથે બિડાણ-૭ માં છે.

જેને ધ્યાનમાં રાખીને પાણીપુરવઠા લગત આ અગત્યનાં પ્રોજેક્ટની મંજુરી માટે કમિટી દ્વારા યોગ્ય નિર્ણય થવા સારુ આ ડી.પી.આર. રજુ કરાયેલ છે.

**એજન્ડા ક્રમાંકઃ- ૯**

**વડોદરા શહેરના ડભોઇ રોડ-સોમા તલાવ ખાતે રેલવે ઓવર બ્રીજ બનાવવા અંગે રજુ થયેલ નવા ડીપીઆર યોગ્ય નિર્ણય થવા અંગે**

ભારત સરકાર તરફથી રાજયોની શહેરી વસ્તીના આધારે જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ અંતર્ગત જુદી-જુદી યોજના માટે ફંડની ફાળવણી કરેલ. જે મુજબ ગુજરાત સરકાર તરફથી પણ શહેરની વસ્તીના આધારે યુઆઇજી માટે ફાળવણી કરેલ છે. જેની વિગત પણ ઉપર દર્શાવેલ છે. જે મુજબ વડોદરા શહેરને ફાળવવામાં આવેલ રકમ પૈકી ભારત સરકાર સહાયના રૂ. ૩૧૨ કરોડ હોવાથી વધુમાં વધુ રૂ. ૬૨૪ કરોડના કામો મંજુર કરાવી શકે. જેની સામે રૂ. ૪૮૪ કરોડના કામો મંજુર થયેલ છે. જેથી બાકી રહેતી પ્રોજેક્ટની કિંમત માટે આશરે રૂ. ૪૦ કરોડના કામો મંજુર થઇ શકે. જે માટે વડોદરા મહાનગરપાલિકા તરફથી ડભોઇ રોડ-સોમા તલાવ ખાતે રેલવે ઓવર બ્રીજ બનાવવા અંગે રજુ થયેલ નવા રૂ. ૪૨.૬૭ કરોડના અંદાજની ડીપીઆર રજુ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

આ બ્રીજની કુલ લંબાઇ ૮૪૫ મીટરની રહેશે તથા બ્રીજની પહોળાઇ ૨૩.૨૦ મી. ની રહેશે. બ્રીજનો ઉત્તર-દક્ષીણ તરફના રસ્તાનો ઢાળ ૧:૩૦ નો સુચવવામાં આવેલ છે. ચાર લેઇનનો આ બ્રીજ રેલવે ઓથોરેટિના નિયમ અનુસાર સુચવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટની ટેકનીકલ સ્ક્રુટીની કરવામાં આવેલ છે. જે મુજબ તાંત્રિક રીતે મંજુરીને પાત્ર છે.

જેએનએનયુઆરએમની માર્ગદર્શિકા મુજબ ઉક્ત પ્રોજેક્ટનાં રૂ. ૪૨.૬૭ કરોડમાં ભારત સરકારની સહાય ૫૦% નાં ધોરણે રૂ. ૨૧.૩૪ કરોડ ગુજરાત સરકારની સહાય ૨૦%નાં ધોરણે રૂ. ૮.૫૩ કરોડ તથા વડોદરા મહાનગરપાલિકાનાં હિસ્સો ૩૦% મુજબ રૂ. ૧૨.૮૦ કરોડ થાય છે.

આ પ્રોજેક્ટની ટેકનિકલ ચકાસણી એસએલએનએ તરફથી કરવામાં આવેલ છે તથા તે અંગેનો રિપોર્ટ આ સાથે બિડાણ-૮ માં છે.

**એજન્ડા ક્રમાંકઃ- ૧૦**

**સરક્યુલર ઠરાવથી મંજુર કરાવેલ ઠરાવોને બહાલ રાખવા અંગે**

જેએનએનયુઆરએમ યોજનાના પેટા મિશન-૧ 'અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સ' અને પેટા મિશન-૨ 'બેઝીક સર્વિસિસ ફોર અર્બન પુઅર' અંતર્ગત સ્ટેટ લેવલ સ્ટીયરિંગ કમિટી સરક્યુલર ઠરાવથી મંજુર અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ગવર્નન્સ અને બેઝીક સર્વિસિસ ફોર અર્બન પુઅર કામોને બહાલી આપવા સબબ.

સરક્યુલર ઠરાવથી મંજૂર થયેલ પ્રોજેક્ટની શહેર તથા સેક્ટર પ્રમાણે વિગત નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| ક્રમ | પ્રોજેક્ટ | સી.એસ.એમ.સી. મિટીંગની તારીખ | પ્રોજેક્ટની કિંમત | ભારત સરકારનો હિસ્સો (અમદાવાદ માટે ૩૫%, અન્ય શહેરો માટે ૫૦%) | ગુજરાત સરકારનો હિસ્સો (અમદાવાદ માટે ૧૫%, અન્ય શહેરો માટે ૨૦%) | સ્થાનિક સંસ્થાનો હિસ્સો (અમદાવાદ માટે ૫૦%, અન્ય શહેરો માટે 30%) |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | **અમદાવાદ** | | | | | |
| ૧ | અમદાવાદ શહેર માટે ઘન કચરાનો નિકાલની વ્યવસ્થા | ૨૨.૦૧.૦૯ | ૧૧૮.૮૬ | ૪૧.૬૦ | ૧૭.૮૩ | ૫૯.૪૩ |
| ૨ | શહેરી પરિવહન માટે બસો ખરીદવા માટે જોયતી રકમ | ૨૦.૦૨.૦૯ | ૨૨૩.૩૦ | ૭૮.૧૬ | ૩૩.૫૦ | ૧૧૧.૬૫ |
| ૩ | અમદાવાદ શહેર માટે બી.એસ.યુ.પી પી.આઈ.યુ. | - | - | - | - | - |
| | **સુરત** | | | | | |
| ૪ | સુરત શહેરની દક્ષિણ-પૂર્વ ઝોનની પાણી માટેની વિતરણ વ્યવસ્થાનું કામ | ૦૬.૦૨.૦૯ | ૨૦૧.૧૦ | ૧૦૦.૫૫ | ૪૦.૨૨ | ૬૦.૩૩ |

| ક્રમ | પ્રોજેક્ટ | સી.એસ.એમ.સી. મિટીંગની તારીખ | પ્રોજેક્ટની કિંમત | ભારત સરકારનો હિસ્સો (અમદાવાદ માટે ૩૫%, અન્ય શહેરો માટે ૫૦%) | ગુજરાત સરકારનો હિસ્સો (અમદાવાદ માટે ૧૫%, અન્ય શહેરો માટે ૨૦%) | સ્થાનિક સંસ્થાનો હિસ્સો (અમદાવાદ માટે ૫૦%, અન્ય શહેરો માટે ૩૦%) |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૫ | ભીમ નગર ખાતે ઈનસીટુ આવાસીય સુવિધા | ૨૦.૦૨.૦૯ | ૨૯.૪૮ | ૧૨.૮૪ | ૫.૧૪ | ૧૧.૫૦ |
| ૬ | કમરૂ નગર ખાતે ઈનસીટુ આવાસીય સુવિધા | ૨૦.૦૨.૦૯ | ૨૩.૭૫ | ૧૦.૧૮ | ૪.૦૭ | ૯.૫૦ |
| ૭ | સુરત શહેર માટે બી.એસ.યુ.પી પી.આઈ.યુ. | - | - | - | - | - |
| | **વડોદરા** | | | | | |
| ૮ | સયાજી સરોવરનું આધુનિકરણ અને મજબુતાઈનું કામ | ૧૪.૦૧.૦૯ | ૨૮.૭૦ | ૧૪.૩૫ | ૫.૭૪ | ૮.૬૧ |
| ૯ | પ્રતાપનગર જંબુસર સેકશન પર રેલ્વે કિ.મી. ૧/૧૫ થી ૨/૧ નજીક ઓવરબ્રિજ લાલબાગ નજીક | ૧૪.૦૧.૦૯ | ૪૫.૭૦ | ૨૨.૮૫ | ૯.૧૪ | ૧૩.૭૧ |
| ૧૦ | જંબુસર રેલ્વેલાઈન કિ.મી. ૨/૩-૪ રેલ્વે ક્રોસિંગ નં.-૨ વિશ્વામિત્ર અને જંબુસર સ્ટેશનના વચ્ચે રોડ ઓવર બ્રિજ | ૦૬.૦૨.૦૯ | ૪૪.૩૫ | ૨૨.૧૮ | ૮.૮૭ | ૧૩.૩૧ |
| ૧૧ | વડોદરા શહેરના ભાગ-૨ માટે ગટર | ૩૦.૦૧.૦૯ | ૬૦.૫૬ | ૩૦.૨૮ | ૧૨.૧૧ | ૧૮.૧૭ |

| ક્રમ | પ્રોજેક્ટ | સી.એસ.એમ.સી. મિટીંગની તારીખ | પ્રોજેક્ટની કિંમત | ભારત સરકારનો હિસ્સો (અમદાવાદ માટે ૩૫%, અન્ય શહેરો માટે ૫૦%) | ગુજરાત સરકારનો હિસ્સો (અમદાવાદ માટે ૧૫%, અન્ય શહેરો માટે ૨૦%) | સ્થાનિક સંસ્થાનો હિસ્સો (અમદાવાદ માટે ૫૦%, અન્ય શહેરો માટે ૩૦%) |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | વ્યવસ્થા | | | | | |
| ૧૨ | વડોદરા શહેરના ભાગ-૨ ખાતે પાણી માટે કેનાલ બેઈઝ સિસ્ટમ માટે સોર્સની સુધારણા | ૧૩.૦૨.૦૯ | ૩૮.૩૯ | ૧૯.૨૦ | ૭.૬૮ | ૧૧.૫૨ |
| ૧૩ | બી.એસ.યુ.પી. આવાસ ડીપીઆર – ૨ | ૨૦.૦૨.૦૯ | ૧૧૪.૭૮ | ૫૫.૭૨ | ૨૨.૨૯ | ૩૬.૭૭ |
| ૧૪ | વડોદરા શહેર માટે બી.એસ.યુ.પી પી.આઈ.યુ. | - | - | - | - | - |
| | **રાજકોટ** | | | | | |
| ૧૫ | રાજકોટ શહેર માટે બી.એસ.યુ.પી પી.આઈ.યુ. | - | - | - | - | - |
| | **ગુજરાત રાજ્ય** | | | | | |
| ૧૬ | એસએલએનએ ગુજરાત બી.એસ.યુ.પી માટે પી.એમ.યુ. | - | - | - | - | - |
| | **કુલ** | | **૯૨૮.૯૭** | **૪૦૭.૯૧** | **૧૬૬.૫૯** | **૩૫૪.૫** |